

ગ્રીષ્મોત્સવ - ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૨૦માં વર્ષના પ્રારંભે બોલીવુડના પ્રસિદ્ધ ગાયિકા સુનિધી ચૌહાણનો 'લાઈવ કોન્સોર્ટ' યોજાયો હતો. જોશભેર ગાતા સુનિધીએ નગરના યૌવનને ડોલાવ્યું હતું. જોશદાર અને જાનદાર ગાયકીમાં પ્રેક્ષકો ઓતપ્રોત થઈ ગયા હતા. લોકપ્રિય ગીતો અને યુવાનોના ગમતા એનર્જેટીક ગીતો અને લાઈવ પરફોર્મન્સથી સૌને મજા પડી ગઈ હતી... (તસવીર : દિપક જાની)

# સે-૭માં લગ્નવાડી પાસે સ્થિત પ્લોટમાં ઉકરડો અસ્તિત્વમાં આવ્યો

## શહેરમાં સફાઈ કામગીરીના નામે મીંડુ : સેકટરોમાં કચરાના ઢગ

ગાંધીનગર, તા.૫

શહેરમાં સફાઈ વ્યવસ્થાના અભાવ વચ્ચે સેકટરોમાં ગંદકીના ઢગ ખડકાયા છે. શહેરના જાહેર સ્થળો સફાઈના અભાવે ઉકરડામાં અસ્તિત્વમાં આવ્યા છે. દાયકાઓ બાદ પણ સફાઈ વ્યવસ્થાના નામે મીંડુ હોવાથી કલીનસીટીનું સ્વપ્ર સાકાર થતું નથી. સે-૭માં સ્થિત લગ્નવાડી પાસેના કોમન પ્લોટમાં પણ ઉકરડો અસ્તિત્વમાં આવતા સ્થાનિક રહીશોમાં રોષ પ્રવર્ત્યો છે.

કલીનસીટી અને ગ્રીનસીટીની આગવી ઓળખ ભૂસાવા તરફ છે. શહેરમાં વિકાસ કામોના નામે સંખ્યાબંધ વૃક્ષોનું નિકંદન વળી રહ્યું છે. જેના પરિણામે ગાંધીનગર બેરનસીટી બનવા તરફ છે. બીજી તરફ ગંદકીનો પ્રશ્ન પણ જટીલ બન્યો છે. સાડા ચાર દાયકાના અંતે પણ યોગ્ય સફાઈ વ્યવસ્થા ન ગોઠવાતા સેકટરોમાં ગંદકી હઠીલી બની છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ પણ નમૂનારૂપ સફાઈ વ્યવસ્થા ગોઠવવાની યોજનાનું સુરસુરીયું થઈ ગયું છે. તંત્રની નિષ્ક્રિયતાની સાથે લોકજાગૃતિનો અભાવ વર્તાતા સેકટરોમાં ઉકરડા અસ્તિત્વમાં આવી રહ્યા છે. કચરો એકત્રિત કરવા મુકાયેલા કન્ટેઈનરો પણ કચરાના નિકાલના અભાવે ઉકરડાનું ઉદભવ સ્થાન બની ગયા છે. સે-૭માં સ્થિત લગ્નવાડી પાસે પણ કચરાના ઢગ ખડકાયા છે. લગ્નપ્રસંગો બાદ બાજુમાં જ કચરાનો ઢગ કરી દેવાતા આ વિસ્તારમાં ગંદકી ખદબદી રહી છે. નગરને નિર્મળ બનાવાની સોહામણી વાતો પણ હવા થઈ ગઈ છે. ફૂટપાથો આસપાસ પણ કચરાના ઢગ ખડકાયા છે.

# ગાંધીનગરમાં મોલોમસીના ઉપદ્રવથી નગરજનો ત્રાહિમામ

## મોલોમસીનો ઉપદ્રવ વધતા વાહનચાલકો પરેશાન : દવાનો છંટકાવ કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી મોલોમસીનો ઉપદ્રવ વધ્યો છે. દિવસ દરમ્યાન તેની સંખ્યા વધારે રહેતા વાહનચાલકો અને રાહદારીઓ તેના ત્રાસથી કંટાળી ગયા છે.

મોટાભાગે શિયાળાની વિદાય બાદ જોવા મળતો મોલોમસીનો ત્રાસ હમણા ભરઉનાળે અનુભવાઈ રહ્યો છે. ચાલુ સિઝનમાં બીજીવાર મોલોમસીનો ઉપદ્રવ વધ્યો છે. છેલ્લા બે-ત્રણ દિવસથી શહેરમાં મોલોમસી તરીકે ઓળખાતી જીવાત જોવા મળી રહી છે. વહેલી સવારે અને સાંજે તેનો ઉપદ્રવ વધુ હોય છે. જાહેર માર્ગો પર તે ફેલાતા વાહનચાલકો અને રાહદારીઓને ખુબ જ કાળજી રાખવી પડે છે. જો મોં પર કંઈ બાંધ્યું ન હોય તો આ જીવાત મોમા જતી રહે છે. ગાંધીનગરની આસપાસના કેટલાક ખેતરોમાં રાયડાનો પાછોતરો પાક છેલ્લા કેટલાક દિવસોથી ઉતારવામાં આવી રહ્યો છે. જેના કારણે હાલમાં આ સ્થિતિ છે. જોકે ભારે ગરમી હોવાના કારણે એકાદ-બે દિવસમાં જ આ જીવાત નાશ પામશે ત્યારે વાહનચાલકોને રાહત થશે. હાલમાં યોજાઈ રહેલા લગ્ન સમારંભોમાં પણ આ જીવાત વિઘ્ન ઉભુ કરે છે.

# શહેરના ૨૬ કિ.મી. વિસ્તારમાં ફૂટપાથનું બાકી કામ પૂર્ણ થશે

## ફૂટપાથની કામગીરી ટૂંકમાં શરુ કરી દેવાશે

ગાંધીનગર, તા.૫

શહેરમાં ફૂટપાથ નિર્માણની બાકી કામગીરી પૂર્ણ કરવા વર્ક ઓર્ડર આપી દેવાયો છે. ૨૬ કિ.મી.ના વિસ્તારમાં ફૂટપાથ બનાવવા ટૂંકમાં કામ શરુ કરી દેવાશે. આ કામગીરી માટે રૂ. ૬ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

શહેરના મુખ્યમાર્ગો આસપાસ ફૂટપાથ નિર્માણ કરાયા બાદ સેકટરના અન્ય માર્ગો અને એપ્રોચ રસ્તાઓને અનુલક્ષી આસપાસ ફૂટપાથની આભા ઉભી કરવામાં આવી છે. તબક્કાવાર હાથ ધરાયેલી કામગીરીના અંતે હાલની સ્થિતિએ અંદાજિત ૯૬ કિ.મી.ના રોડ નેટવર્ક આસપાસ ફૂટપાથ અસ્તિત્વમાં છે. જયારે ફૂટપાથની બાકી કામગીરીને અનુલક્ષી તંત્ર દ્વારા અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે ફૂટપાથના બાકી કામને લઈ તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી હતી. આખરે આ દરખાસ્તને મંજુરી અપાતા શહેરમાં ફૂટપાથના બાકી કામને પૂર્ણ કરવા તંત્ર દ્વારા આયોજન કરી દેવાયું છે. ફૂટપાથ નિર્માણની કામગીરી ૨૬ કિલોમીટરમાં બાકી છે જે અન્વયે વિવિધ માર્ગોને આવરી લેવામાં આવશે. ફૂટપાથની કાર્યયોજના અન્વયે સંબંધિત એજન્સીને વર્ક ઓર્ડર આપી દેવાયો છે. જયારે ટૂંકમાં કામગીરી પણ શરુ કરી દેવાશે.



(તસવીર : દિપક જાની)

સર્કલોનું શહેર - ગાંધીનગરની એક વધુ ઓળખ એટલે સર્કલોનું શહેર... નગરમાં દર એક કિલોમીટરે એક સર્કલ વિકસાવાયું છે... ઉત્તર જાવ, દક્ષિણ જાવ, પૂર્વ જાવ કે પશ્ચિમ જાવ દર કિલોમીટરે સર્કલ હોય હોય અને હોય જ... મહાત્મા મંદિર અને સચિવાલયને જોડતો માર્ગ એટલે સ્વર્ણિમ માર્ગ... એમાં ય ઘ-૪ એટલે ઘ-માર્ગનો ટ્રાફિક પણ ઉમેરાય આ ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક આયલેન્ડ વિકસાવાઈ રહ્યો છે... જેની કામગીરી પૂર્ણતાના આરે છે...

# એસ.ટી. સહકારી મંડળીના કૌભાંડમાં નવો વળાંક : યુવતિનું નામ ખુલ્યું!

## બોગસ લોન ખાતા ઉભા કરી નાણાંકીય કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું!

ગાંધીનગર, તા.૫

એસ.ટી. ડેપોની કામદારોની ધિરાણ અને સહકારી મંડળીના કરોડોના કૌભાંડની તપાસ દરમિયાન નવો વળાંક આવ્યો છે. બોગસ લોન ખાતા ઉભા કરી નાણાંકીય કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ સમગ પ્રકરણમાં નિરાલી નામની યુવતિનું પણ નામ ખુલ્યું છે.

ગાંધીનગર એસ.ટી. ડેપોની સહકારી મંડળીમાં થયેલા રૂ. ૫ કરોડના કૌભાડમાં નવો વળાંક આવ્યો છે. ગાંધીનગર એસ.ટી.ડેપોમાં કાર્યરત જિલ્લા એસ.ટી. કામદારોની ધિરાણ અને સહકારી મંડળીમાં ડ્રાયવર-કન્ડકટરો મળી કુલ ૯૨૧ સભ્યો છે. આ સભ્યોએ તેમની મહેનતના નાણાં બચત થાપણો રૂપે મુકયા હતા. આ ઉપરાંત સભાસદો દર મહિને ફિકસ બચત પણ કરતા હતા જયારે આ પૈકીના રૂ. ૫ કરોડ ચાઉં કરી જવા મંડળીના મેનેજર-ચેરમેન સહીતના અન્ય હોદ્દેદારો દ્વારા આર્થિક કૌભાંડ આચરવામાં આવ્યું હતું. જેમાં નિરાલી નામની યુવતિની મુખ્ય અને શંકાસ્પદ ભૂમિકા હોવાનું બહાર આવ્યું છે. આ યુવતિ પોતાની સહી કરી સભ્યોના કરોડો રૂપિયા ઉપાડી ગઈ હોવાનું તપાસમા માલુમ પડયું છે. જો કે આ નિરાલી રાજગોર નામની યુવતિ કોણ છે તે મામલે મૌન

● અનુસંધાન પાન-૭ પર

# મોટેરામાં મેચને પગલે તસ્કરોએ લાભ ઉઠાવ્યો

અમદાવાદ, તા.૫

શહેરના મોટેરા સ્ટેડીયમમાં રમાય રહેલી આઈપીએલ મેચમાં તસ્કરોએ ભીડનો લાભ ઉઠાવીને અનેકના ખિસ્સા કાપ્યા હોવાની વિગત સપાટી પર આવી છે. મેચની ટીકીટ લેવા માટે ઉભા રહેલા કેટલાય ક્રિકેટ પ્રેમીઓના તસ્કરોએ પાકીટ, મોબાઈલ તેમજ કિંમતી ચીજવસ્તુઓની ચોરી કરી હોવાનું જાણવા મળ્યું છે.

મોટેરા વિસ્તારમાં બે લોકોના ખિસ્સામાંથી ગઠિયાઓ હજારોનો મુદ્દામાલ ચોરી ગયા છે. મોબાઈલ ચોરીના કેટલાય બનાવો પ્રકાશમાં આવ્યા હતા.

# સે-૩-એ ન્યુ પાસેના રોડ નં.૧ની કામગીરી હાથ ધરાઈ

## જૂના સેકટરોમાં પણ માર્ગ નવીનીકરણની કામગીરી પ્રગતિ હેઠળ

ગાંધીનગર, તા.૫

શહેરમાં જૂના સેકટરો સહીત અન્ય માર્ગોના નવીનીકરણનું કામ પ્રગતિ હેઠળ છે. જયારે સે-૩-એ ન્યુ પાસે સ્થિત રોડ નં. ૧ને ચકાચક બનાવા પણ કામગીરી ચાલી રહી છે.

શહેરના અંદાજિત ૫૧૫ કિ.મી.ના રોડ નટવર્કને ચકાચક બનાવવા અગ્રતાક્રમ નક્કી કરી તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ શહેરના મુખ્યમાર્ગો બાદ નવા સેકટરોના આંતરિક માર્ગોનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ૫ વર્ષના લાંબા સમયગાળા બાદ જૂના સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની કામગીરી પણ શરુ કરી દેવાઈ છે. આગામી એક મહીનામાં આ કામગીરી પૂર્ણ કરી દેવાશે. આ ઉપરાંત જીઈબી થી સ્મશાન તરફ જતા ઉબડ ખાબડ માર્ગને પણ તંત્ર દ્વારા ચકાચક બનાવી દેવાયો છે. જયારે હવે 'ગ' માર્ગ તેમજ રોડ નં. ૪-એનું પણ કામ ટૂંકમાં શરુ કરવામાં આવશે. હાલ શહેરના ઉભા રસ્તાઓને ધ્યાન લઈ નવવિકસિત વિસ્તારના રોડ નં.૧નું કામ હાથ ધરવામાં આવ્યું છે સે-૩-એ ન્યુ પાસેથી પસાર થતા આ માર્ગને ટનાટન બનાવવાનું કામ પૂર્ણતાના આરે છે. આ માર્ગ પર નવવિકસિત વિસ્તારના રહીશોની વિશેષ અવર જવર રહેતી હોવાથી માર્ગ સુધારણા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી. 'ગ' થી 'ઘ' માર્ગને જોડતા માર્ગના નવીનીકરણ બાદ વાહનચાલકોને વિશેષ સાનુકુળતા રહેશે.

# ચૂંટણી અનુસંધાને મુકાયેલા બેરીકેડની રાજ્યભરમાં દુર્દશા

## સુરક્ષા અને વાહન તપાસ માટે અનુકૂળતા માટે મુખ્ય માર્ગોના પ્રવેશ દ્વારો ઉપર બેરીકેડ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ગાંધીનગર, તા. ૫

રાજ્યભરમાં તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શહેરોમાં અને મુખ્ય માર્ગોના પ્રવેશ દ્વારો ઉપર પોલીસે બેરીકેડ મુક્યા હતા. આ બેરીકેડની હાલમાં દુર્દશા થઈ છે. ચૂંટણી પૂર્ણ થતાં જ આ બેરીકેડ હટાવવા કે વ્યવસ્થિત ન મુકતા તુટીફુટી તે જ હાલતમાં નીચે પડી જઈ બિનવારસી બની ગયા છે. તેમજ અડચણો પેદા કરી રહ્યા છે.

રાજ્યમાં ટ્રાફીક પોલીસ દ્વારા સંવેદનશીલ વિસ્તારો અને સુરક્ષાના કારણોસર સ્પોન્સર્ડ જાહેરાત સાથેના બેરીકેડ મુખ્ય માર્ગો ઉપર મુકાયા હતા. ચૂંટણી સમયે ઉતાવળી અને રઘવાયેલી બનેલી પોલીસ પોતાની કામગીરી સરળ બને તે હેતુથી વાહનો અટકાવવા બેરીકેડ મુકી તપાસ કરતી હોય છે. પરંતુ જે બેરીકેડ તેમની મદદ આવ્યા છે તેમની હાલત અત્યંત દયનીય બની છે. વધુમાં સરકારી ખર્ચે ઉભા થતા આ બેરીકેડની સારસંભાળ ન લેવાતા તુટી ફુટી જઈ માર્ગો ઉપર જ પડ્યા રહે છે. અને વાહનો માટે અડચણો પેદા કરી રહ્યા છે.

હાલમાં ચિલોડાના હિંમતનગર તરફથી આવવાના માર્ગે આ ગંભીર સ્થિતિનું દશ્ય નજરે પડી રહ્યું છે. પોલીસ દ્વારા આ બેરીકેડને હટાવવા કે વ્યવસ્થિત ઠેકાણે મુકવાની પણ તસ્દી લેવાતી નથી અને મુકાયેલા બેરીકેડ પણ ભંગાર હાલતમાં દેખાઈ રહ્યા છે. ચૂંટણી સમયે માર્ગો ઉપર ઉભી થઈ જતી પોલીસ પોતાની ફરજમાં કંઈપણ ચુક ન રહી જાય તેની સખત તકેદારી રાખી રહી છે ત્યારે તેમની મદદે આવતી સાધન સામગ્રી અને સરકારી મિલ્કતોની સંભાળ પણ લેવી જ જોઈએ તેવી લાગણી વાહનચાલકોમાં જોવા મળી રહી છે.

# લોકાયુકત સમક્ષ ચાલતી કાર્યવાહીની પ્રસિદ્ધિની સામે કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા. ૫

લોકાયુકત સમક્ષ ચાલતી કાર્યવાહીની કોઈ પણ વિગતોની પ્રસિધ્ધી થઈ શકતી નથી. અને જો આવી વિગતો પ્રસિધ્ધ કરાશે અને અવગત કરાશે તો દોષિત ઠર્યે શિક્ષા કરવામાં આવશે એમ લોકાયુકત કચેરીના રજીસ્ટ્રારે એક યાદીમાં જણાવ્યું છે.

રજીસ્ટ્રારે એક યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત લોકાયુકત અધિનિયમની જોગવાઈ અનુસાર લોકાયુકત સમક્ષ ચાલતી કાર્યવાહીની કોઈ પણ રીતે પ્રસિધ્ધી થઈ શકતી નથી.

આ કાયદા જોગવાઈ અનુસાર એવી દરેક તપાસ ખાનગીમાં ચલાવવી જોઈએ અને ખાસ કરીને ફરિયાદીને અને જેને તપાસથી અસર થઈ હોય તે જાહેર હોદ્દેદારોની ઓળખ પહેલા તે દરમિયાન અથવા ત્યાર પછી લોકોને અથવા પ્રેસને પ્રગટ કરવી જોઈએ નહી અથવા પ્રસિધ્ધ કરવી જોઈએ નહીં.

આ કાયદાની જોગવાઈનો ભંગ કરવાના ગુન્હા સંબંધે આ અધિનિયમમાં કેદની સજા અને દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. તદઅનુસાર જે કોઈ વ્યકિત કાયદાની આ જોગવાઈનું ઉલ્લંઘન કરીને કોઈ માહિતી લોકો અથવા માધ્યમો સમક્ષ પ્રગટ કરે અથવા કોઈ એવી માહિતી પ્રસિધ્ધ કરે તેને દોષિત ઠર્યેથી બે વર્ષની સુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે. આમ લોકાયુકત સમક્ષ ચાલતી તપાસની કાર્યવાહીની કોઈ પણ તબક્કે પ્રચાર કે પ્રસિધ્ધી થઈ શકતી નથી તેમ લોકાયુકત કચેરીના રજીસ્ટ્રારની યાદીમાં જણાવાયું છે.

# હવે, મંત્રીઓ સચિવાલયમાં હાજર

ગાંધીનગર, તા. ૫

સચિવાલયમાં આજે કેટલાક મંત્રીઓ પોતાના કાર્યાલયમાં આવીને કામગીરીનો પ્રારંભ કર્યો હતો.

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટેની ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ચૂંટણી પ્રચાર માટે રાજ્ય મંત્રીમંડળના મંત્રીઓ છેલ્લા એક મહિનાથી પ્રચાર કામગીરીમાં જિલ્લાઓના પ્રવાસે હોવાના કારણે સચિવાલયમાં પોતાના કાર્યાલયોમાં આવ્યા ન હતા. તેમજ ચૂંટણી આચારસંહિતા અમલી હોવાને કારણે વિભાગોની સમીક્ષા બેઠક પણ લઈ શકતા ન હતા.

ગત ૩૦મી એપ્રિલના રોજ ગુજરાતમાં ચૂંટણીઓ પૂર્ણ થતાં અને આચારસંહિતાને આંશિક હળવી કરવામાં આવતાં હવે રાજ્ય સરકારના વિભાગો દ્વારા વિકાસ કામો શરૂ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ચૂંટણી પ્રચાર કાર્યમાંથી હળવા થયેલા મંત્રીઓ પણ હવે સચિવાલયમાં પોતાના કાર્યાલયોમાં આવવા લાગ્યા છે અને પડતર કામગીરી શરૂ કરી હોવાનુ સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી જાણવા મળે છે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com